**પ્રાથમિક શાળાઓના સ્ત્રી વિદ્યાસહાયકોને**
**પ્રસુતિની રજા બાબત.**

ગુજરાત સરકાર
**શિક્ષણ વિભાગ**
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૯/ઇએમ/૧૦૭૩/ક,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૧૨/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૬/૩૦૫૦/૧૦૨૭(૯૮)/ક તા.૧૧/૬/૧૯૯૮
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૯/ઇ.એમ./૧૦૭૩/ક તા.૨૨/૧૦/૨૦૦૩
(૩) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃનં.(જી.એન.૨૩)નં.પીએસએન/૧૦૨૦૧૪/એમ.આઇ.(૩૩૪૩૮૫) /પી તા.૧૩/૧૧/૨૦૧૪

**આમુખઃ-**

**ઉપર સંદર્ભ-(૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૧૯૯૮ ના ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમીક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે.** સંદર્ભમાં(૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૨/૧૦/૨૦૦૩ના ઠરાવની જોગવાઇઓ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓને આધિન રાજયની પ્રાથમિક શાળાઓમાં સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજાના લાભ આપતા હુકમો બહાર પડવામાં આવેલા છે. સંદર્ભઃ-(૩) માં જણાવેલ નાણા વિભાગના જાહેરનામાની જોગવાઇઓ મુજબ અગાઉ ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજા મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

કાળજી પૂર્વકની વિચારણાના અંતે સંદર્ભઃ(૩) માં દર્શાવેલ નાણા વિભાગના જાહેરનામાની જોગવાઇઓ લાગુ પાડવામાં આવે છે. તેમજ જે સ્ત્રી વિદ્યાસહાયકો તા.૧/૧૦/૨૦૧૪ ના રોજ કે તે પછી જે સ્ત્રી વિદ્યાસહાયકો પ્રસુતિની રજા પર હોય અથવા બિન પગારી રજા પર ચાલુ હોય તેઓને પણ આ જાહેરનામા મુજબ નિયત મળવાપાત્ર રજાઓની મર્યાદામાં પ્રસુતિની રજાઓનો લાભ આપવાનો રહેશે જો કે કુલ દિવસ ૧૮૦ થી વધવા ન જોઇએ.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એસ.એમ.મિસ્ત્રી)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

ન્યુ 002

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓ
- તમામ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સીલેકટ ફાઇલ
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.